**લાંચ રૂશ્વત વિરોધી ખાતાને તપાસ સોંપવા તકેદારી આયોગનો અભિપ્રાય મેળવવા બાબત...**

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : ગતપ-૩૧૮૦-૧૪-હ

સચિવાલય, ગાંધીનગર, તા. ૪થી ફેબ્રુઆરી, ૧૯૮૦.

**પરિપત્ર**

ગુજરાત રાજ્ય તકેદારી આયોગ તરફથી સરકારનું ધ્યાન દોરવામાં આવેલ છે કે સચિવાલયના વિભાગો તરફથી લાંચરૂશ્વત વિરોધી ખાતાને તપાસ સોંપવી કે કેમ તે અંગે કેટલીક વાર આયોગનો અભિપ્રાય માંગવામાં આવે છે. લાંચ રૂશ્વત વિરોધી ખાતાને કયા કેસોમાં અને કઇ બાબતોમાં તપાસ સોંપવી તે અંગે ગૃહ વિભાગ તરફથી અવાર નવાર સરકારી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. તેને અનુલક્ષીને સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગે પોતે જ નિર્ણય લેવાનો રહે છે. આવો નિર્ણય લેવા માટે તકેદારી આયોગનો અભિપ્રાય માંગવાની પદ્ધતિ બરોબર નથી.

આથી ભવિષ્યમાં લાંચ રૂશ્વત વિરોધી ખાતાને તપાસ સોંપવા બાબતમાં સંબંધિત વિભાગ સરકારી સૂચનાઓ મુજબ પોતે જ નિર્ણય લે અને તે માટે તકેદારી આયોગનો અભિપ્રાય માંગવામાં ન આવે તે જોવા સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

**દે. જે. પરમાર**
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.